# કચ્છ પૂર્વમાં 800 એકર જમીનનું મોટું કૌભાંડ

**116 ખેડૂતની** જાણ બહાર સોલાર પ્રોજેક્ટના નામે જમીન વેચાઈ ગઈ

**એકરે** રૂ. 4,21,000 નક્કી કરીને ખોટો કરાર તૈયાર કરાયો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ

અમદાવાદઃ કચ્છ પૂર્વ જિલ્લામાં સોલા પ્રોજેક્ટના નામે મોટાપાયે જમીન કૌભાંડ બહાર આવ્યું છે, જેમાં 116 ખેડૂતોની માલિકીની આશરે 800 એકર ખેતીની જમીન સોલાર પાવર પ્રોજેક્ટના નામે તેમની જાણ અને સંમતિ વગર વેચાણ માટે ખોટો નોટરાઇઝ્ડ કરાર તૈયાર કરાયો હોવાનો આરોપ છે. આ મામલે કચ્છના ગાગોદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ દ્વારા નોંધાયેલી ફરિયાદ અનુસાર વીરા ભરવાડ, મેરા ભરવાડ, મામુ કોળી સહિતના નામો આરોપી તરીકે દર્શાવાયા છે. વિવાદિત જમીન કચ્છ પૂર્વના ભીમદેવકા અને ફુલપરા ગામોમાં આવેલી છે અને તે કુલ 116 ખેડૂતોની માલિકીની છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, સોલાર પ્લાન્ટ સ્થાપન માટે જમીનનો ભાવ પ્રતિ એકર રૂ. 4,21,000 નક્કી કરીને ખોટો કરાર તૈયાર કરાયો હતો.

આ ફરિયાદ ભીમદેવકા ગામના ખેડૂત અરવિંદ કોલી (ઉં.વ.35) દ્વારા કરવામાં આવી છે. અરવિંદે પોલીસ સમક્ષ નિવેદન આપ્યું છે કે 16 ડિસેમ્બરે તેને વોટ્સએપ પર અનુપસિંહ જાડેજા (નિવાસી-શિવલાખા, ભચાઉ તાલુકો) પાસેથી એક PDF દસ્તાવેજ મળ્યો હતો. આ દસ્તાવેજ ખોટો નોટરાઇઝ્ડ કરાર હોવાનું જાણવા મળ્યું, જેમાં ભીમદેવકા અને ફુલપરા ગામોની અનેક સર્વે નંબરોની કુલ 800 એકર જમીનનો ઉલ્લેખ હતો. જોકે અરવિંદે સ્પષ્ટ જણાવ્યું હતું કે તેના પિતા કે અન્ય કોઈ ખેડૂતોએ સોલાર પ્રોજેક્ટ માટે જમીન વેચાણ અંગે ક્યારેય ચર્ચા કે સંમતિ આપી નથી. પોલીસ સૂત્રોએ કહ્યું હતું કે આરોપીઓએ બીજા ખેડૂતોની જમીન પોતાની ન હોવા છતાં જમીનનો ખોટો નોટરાઇઝ્ડ કરાર બનાવીને જમીન માલિકો અને સંભવિત ખરીદદારો સાથે છેતરપિંડી કરવાનું કાવતરું રચ્યું છે.

# કારનો કાચ તૂટી જતાં પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને ઢોરમાર માર્યો

**ગાંધીનગર** નજીક વાવોલની શાળાની ઘટના, વાલીઓ શાળાએ દોડી આવ્યા, પ્રિન્સિપાલ સામે કાર્યવાહીની ઉગ્ર માંગ

ગાંધીનગરઃ ગાંધીનગર નજીક વાવોલની એક શાળાના કમ્પાઉન્ડમાં બાળકોથી અજાણતા પ્રિન્સિપાલની કારનો કાચ તૂટી જતા ગુસ્સે ભરાયેલા પ્રિન્સિપાલે ધોરણ 6થી 8ના અનેક વિદ્યાર્થીઓને ઢોરમાર માર્યો હોવાની ઘટના બહાર આવી છે, જેને પગલે વાલીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગરના વાવોલની એક શાળાના કેમ્પસમાં ઝાડ ઉપર પતંગ ફસાયો હતો. રીસેસમાં આ પતંગને ઉતારવા માટે કેટલાક વિદ્યાર્થીઓ ઝાડ ઉપર પથ્થર મારી રહ્યા હતા. દરમિયાન નજીકમાં પાર્ક કરેલી પ્રિન્સિપાલની ગાડી ઉપર પથ્થર વાગતા કાચ તૂટી ગયો હતો.

જેને પગલે ગુસ્સે ભરાયેલા પ્રિન્સિપાલે ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓને એક લાઇનમાં ઊભા રાખીને ઢોરમાર માર્યો હતો. પ્રિન્સિપાલના આ રૌદ્ર સ્વરૂપને જોઈને વિદ્યાર્થીઓ ફફડી ગયા હતા. જ્યારે વિદ્યાર્થીઓ ઘરે પહોંચ્યા ત્યારે પ્રિન્સિપાલ દ્વારા માર મારવામાં આવ્યો હોવાની વાત વાલીઓને કરી હતી. જેથી મોટી સંખ્યામાં વાલીઓ શાળાએ દોડી આવ્યા હતા અને વિદ્યાર્થીઓને કોઈપણ કારણ વગર પ્રિન્સિપાલે માર માર્યો હોવાથી તાત્કાલિક પ્રિન્સિપાલ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ભગવા સેનાએ મોલમાં તોડફોડ કરતાં તંગદિલી

**અમદાવાદ** થલતેજના પેલેડિયમ મોલની ઘટના, ક્રિસમસ ટ્રી અને નાતાલના ડેકોરેશનની તોડફોડ કરતાં લોકોમાં ગભરાટ, ભાગદોડ મચી

અમદાવાદઃ અમદાવાદ શહેરના થલતેજમાં પેલેડિયમ મોલમાં નાતાલ પર્વને પગલે કેટલાક શો રૂમને ક્રિસમસ ટ્રી દ્વારા શણગારવામાં આવ્યા હતા. જેના વિરોધ સાથે ભગવા સેનાના કેટલાક કાર્યકરોએ મોલમાં ઘૂસી ક્રિસમસ ટ્રીની તોડફોડ કરી હતી. પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા તોફાનીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. થલતેજના પેલેડિયમ મોલમાં આજે ભગવા સેનાના કેટલાક કાર્યકરો પ્રવેશ્યા હતા અને મોલમાં લગાવવામાં આવેલા ક્રિસ્મસ ટ્રી સામે વાંધો ઉઠાવી, ક્રિસમસ ટ્રી તથા ડેકોરેશનની તોડફોડ કરી હતી. મોલના સંચાલકોએ તાત્કાલિક ક્રિસમસ ટ્રી હટાવીને મામલો શાંત પાડ્યો હતો. ઘટનાની જાણ પોલીસને થતા ભગવા સેનાના કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. ભગવા સેના દ્વારા મોલમાં તોડફોડ કરવામાં આવતા એક તબક્કે લોકો ભયભીત બની ગયા હતા. ખાસ કરીને નાના બાળકો ખૂબ જ ડરી ગયા હતા. પેલેડિયમ મોલમાં ખરીદી કરવા આવેલા કેટલાક લોકોએ પોલીસ અને સત્તાવાળાઓ સામે સવાલ ઉઠાવ્યા હતા.

### ભગવા સેનાએ પહેલેથી ચીમકી ઉચ્ચારી જ હતી, તો પોલીસે પગલાં કેમ ન ભર્યાં?

નોંધનીય છે કે ભગવા સેના દ્વારા અગાઉથી નાતાલ પર્વને પગલે ક્રીસમસ તેમજ શાંતાક્લોઝને લઈને ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. તેવામાં પોલીસ અને સત્તાવાળાઓ જાહેરમાં ધાર્મિક લાગણી દુભાય તેવી પ્રવૃત્તિ કરતા લોકોને પહેલેથી જ અટકાયત કરી શાંતિપૂર્ણ માહોલ ડહોળાય નહીં તેવા પગલા ભરવા જોઈએ, તેવી માંગ ઉઠી છે.

# ડો.કે.એલ.એન.રાવ નવા DGP બને તેવી શક્યતા

**31મી** ડિસેમ્બરે DGP વિકાસ સહાયની એક્સટેન્શનની મુદત પૂર્ણ થઈ રહી છે

**3 IPS** અધિકારીના નામ કેન્દ્ર સરકારને મોકલાયાં

ગાંધીનગરઃ રાજ્યના નવા પોલીસ વડા કોણ બનશે, તે મદ્દે હવે ગુજરાતના પોલીસ બેડામાં ચર્ચા સાથે અટકળો ચાલી રહી છે. હાલના રાજ્યના ડીજીપી વિકાસ સહાયની એક્સટેન્શનની મુદત 31મી ડિસેમ્બરે પૂર્ણ થઈ રહી છે, ત્યારે નવા ડીજીપીની નિમણૂકને લઈને ગાંધીનગરમાં સચિવાલય અને પોલીસ બેડામાં અટકળો તેજ બની છે. સચિવાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, 29 અથવા 30 ડિસેમ્બર સુધીમાં રાજ્યને નવા પોલીસ વડા મળી શકે છે.

ગૃહ વિભાગ દ્વારા સિનિયોરિટીના આધારે ત્રણ આઈપીએસ (IPS) અધિકારીઓની પેનલ કેન્દ્ર સરકારને મોકલવામાં આવી હોવાની માહિતી મળી છે. આ ત્રણ સિનિયર આઈપીએસ અધિકારીઓમાં 1993ની બેચના આઈપીએસ ડૉ કે. એલ. એન. રાવ, 1994ની બેચના આઈપીએસ જી.એસ. મલિક અને પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ અને 1993ની બેચના ડૉ. નીરજા ગોટરૂનો સમાવેશ થાય છે. કેન્દ્રમાંથી પંસદગી થતાં તેની સત્તાવાર જાહેરાત કરાશે. સચિવાલયના સૂત્રોના કહેવા મુજબ, ડો. કે. એલ. એન. રાવ નવા ડીજીપી બને તેવી શક્યતા સૌથી વધુ છે. તેઓ 1993 બેચના અધિકારીઓમાં તેઓ સૌથી સિનિયર છે. લાંબા સમય સુધી જેલ વિભાગમાં રહ્યા બાદ તાજેતરમાં જ તેમને સ્ટેટ ક્રાઈમ બ્રાન્ચમાં મૂકવામાં આવ્યા છે.

# ઉન્નાવ બળાત્કાર કેસમાં ભાજપના નેતાની સજા કેમ સ્થગિત કરવામાં આવી?



ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

આપણા દેશના લોકોની સામાન્ય છાપ એવી છે કે મોટા લોકો મોટા ગુનાઓ કર્યા પછી પણ છટકી જાય છે, જ્યારે નાના લોકો નાના ગુનાની પણ મોટી સજા ભોગવતા હોય છે. દિલ્હી હાઈકોર્ટે ભાજપના પૂર્વ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરની સજા સ્થગિત કરી અને તેમને જામીન આપ્યા તેને કારણે આ ધારણા મજબૂત બની છે. કુલદીપ સેંગરને ૨૦૧૯ માં એક સગીર છોકરી પર બળાત્કાર કરવાના આરોપમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ઉત્તરપ્રદેશના ઉન્નાવમાં ૨૦૧૭ માં બનેલી આ ઘટનાએ દેશભરમાં હેડલાઇન્સ બનાવી હતી. હાઈ કોર્ટના નિર્ણય બાદ આ મામલો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. બળાત્કાર સામે અવાજ ઉઠાવનાર છોકરી, તેની માતા, ઘણા સામાજિક કાર્યકરો અને વિપક્ષી નેતાઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો છે. પીડિતા સગીર કિશોરીના પરિવારે કહ્યું છે કે તેઓ દિલ્હી હાઈકોર્ટના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારશે. જોકે, કુલદીપ સેંગર હાલ જેલમાંથી બહાર આવી શકશે નહીં, કારણ કે આ કેસ સાથે જોડાયેલા બીજા કેસમાં તેને કિશોરીના પિતાની હત્યા કરવા બદલ ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. આ કેસમાં પણ કુલદીપ સેંગરે દિલ્હી હાઈકોર્ટમાં પોતાની સજા સ્થગિત કરવાની અરજી દાખલ કરી હતી. ૨૦૨૪માં દિલ્હી હાઈકોર્ટે કુલદીપ સેંગરની અરજી ફગાવી દીધી હતી.

આ કેસમાં કુલદીપ સેંગરને ભારતીય દંડ સંહિતા (IPC) ની જોગવાઈઓ હેઠળ બળાત્કાર અને બાળકોના જાતીય ગુનાઓથી રક્ષણ (POCSO) કાયદા હેઠળ ગંભીર જાતીય હિંસા માટે આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. જ્યારે કોઈ સરકારી કર્મચારી બળાત્કારનો ગુનો કરે છે, ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ (૨)(b) અને POCSO કાયદાની કલમ ૫(c) ની જોગવાઈઓ હેઠળ સજા લાદવામાં આવે છે. જો કોઈ સરકારી કર્મચારી બળાત્કારનો દોષી સાબિત થાય તેને સામાન્ય નાગરિક કરતાં વધુ કડક સજા થઈ શકે છે. ૨૦૧૭ માં જ્યારે ઉન્નાવની ઘટના બની ત્યારે ભારતીય દંડ સંહિતા અને પોક્સો હેઠળ સરકારી કર્મચારી દ્વારા બળાત્કાર માટે લઘુત્તમ સજા દસ વર્ષની હતી, જેને આજીવન કેદ સુધી વધારી શકાય છે. તેની સરખામણીમાં સામાન્ય નાગરિક દ્વારા બળાત્કાર માટે ઓછામાં ઓછી સાત વર્ષની સજાની જોગવાઈ હતી. આ ભેદ સમજવો મહત્ત્વપૂર્ણ છે, કારણ કે દિલ્હી હાઈકોર્ટ સમક્ષ પ્રશ્ન હતો કે શું કુલદીપ સેંગરને જાહેર સેવક ગણી શકાય? તેમના વકીલોએ કહ્યું કે ટ્રાયલ કોર્ટે તેમને જાહેર સેવક ગણવામાં ભૂલ કરી હતી, કારણ કે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે કોઈપણ ધારાસભ્યને IPC હેઠળ જાહેર સેવક ગણવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટના બીજા નિર્ણયના આધારે ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે કુલદીપ સેંગરને જાહેર સેવક ગણી શકાય. તેમાં ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ધારાસભ્યને જાહેર સેવક ગણવામાં આવ્યા હતા. દિલ્હી હાઈકોર્ટે કુલદીપ સેંગરના વકીલોની દલીલ સાથે સંમતિ દર્શાવી હતી અને કહ્યું હતું કે ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ જાહેર સેવકની વ્યાખ્યા POCSO કાયદા પર લાગુ પડશે નહીં. જોકે, કોર્ટે જણાવ્યું હતું કે આ ફક્ત પ્રથમ દૃષ્ટિએ અવલોકન હતું. જો કુલદીપ સેંગરને જાહેર સેવક ન ગણવામાં આવે તો બળાત્કાર કેસમાં તેને શું સજા મળશે તે અંગે તેઓ હજુ સુધી વિચાર કરી રહ્યા નથી. અપીલનો સંપૂર્ણ નિર્ણય લેવામાં આવશે ત્યારે આ પ્રશ્ન પર વિચાર કરવામાં આવશે. કોર્ટે એ પણ નોંધ્યું કે POCSO હેઠળ બળાત્કાર માટે ઓછામાં ઓછી સજા સાત વર્ષની છે અને કુલદીપ સેંગર સાત વર્ષ અને પાંચ મહિનાથી જેલમાં છે. પીડિતાના વકીલે એવી દલીલ કરી હતી કે આ કેસમાં તપાસ યોગ્ય રીતે હાથ ધરવામાં આવી નથી અને કુલદીપ સેંગરે પોતાના પ્રભાવ દ્વારા કાયદાનો દુરુપયોગ કર્યો છે. જોકે, કોર્ટે જણાવ્યું હતું કે સજા સ્થગિત કરવી કે નહીં તે નક્કી કરતી વખતે તે આ દલીલો પર વિચાર કરી શકતી નથી.

છોકરીના વકીલોએ એ વાત પર પણ ભાર મૂક્યો કે બચી ગયેલી છોકરીના જીવન માટેનો ખતરો પણ એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. કોર્ટે એ પણ નોંધ્યું કે કેસ ઉત્તરપ્રદેશથી દિલ્હી ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. છોકરી અને તેના પરિવારને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વધુમાં, કુલદીપ સેંગરને છોકરીના પિતાની હત્યાનો દોષી ઠેરવવામાં આવ્યો હતો. છોકરી અને તેની માતા હાલમાં CRPF સુરક્ષા હેઠળ છે અને પોલીસ તેમનું કામ યોગ્ય રીતે કરી રહી નથી તેવા ડરથી કોર્ટ કોઈને જેલમાં રાખી શકે નહીં. છોકરીના વિસ્તારના ડીસીપીએ પોતે જ તેના માટે પૂરતી સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. વધુમાં કોર્ટે કુલદીપ સેંગરના જામીન પર કેટલીક શરતો લાદી હતી, જેમાં તે છોકરીના ઘરથી પાંચ કિલોમીટરની અંદર મુસાફરી કરી શકશે નહીં અને દર સોમવારે પોલીસ સમક્ષ હાજર થવું પડશે. કોર્ટે એમ પણ કહ્યું કે જો કુલદીપ સેંગર દોષિત સાબિત થાય છે, તો તેણે બાકીની સજા પૂર્ણ કરવી પડશે. દિલ્હીના વકીલ નિપુણ સક્સેનાએ જણાવ્યું હતું કે હાઇકોર્ટ પાસે સજા સ્થગિત કરવાની અને દોષિતને જામીન પર મુક્ત કરવાની કાનૂની સત્તા છે. ધારાસભ્ય જાહેર સેવકની વ્યાખ્યામાં આવે છે કે નહીં તે એક વાજબી પ્રશ્ન છે. જામીન આપતી વખતે એક મહત્ત્વપૂર્ણ વિચારણા એ છે કે શું આરોપી બહાર આવીને સાક્ષીઓને પ્રભાવિત કરી શકે છે. આવી સ્થિતિમાં, જો હાઇકોર્ટે તેનો અંતિમ નિર્ણય આપ્યો હોત તો તે વધુ સારું હોત.

૨૦૨૪ માં જ્યારે દિલ્હી હાઈકોર્ટે કુલદીપ સેંગરની પીડિતાના પિતાની હત્યાના કેસમાં તેની સજા સ્થગિત કરવાની અરજી ફગાવી દીધી હતી, ત્યારે તેણે કહ્યું હતું કે પીડિતાની સલામતી પણ એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. કોર્ટે કહ્યું હતું કે ગુનાની ગંભીરતા, આરોપીનો ગુનાહિત ઇતિહાસ, લોકોના વિશ્વાસ પર અસર, આ બાબતોને પણ નિર્ણય આપતી વખતે ધ્યાનમાં લેવી પડશે. કોર્ટે કહ્યું હતું કે કુલદીપ સેંગરને IPC અને POCSO હેઠળ બળાત્કારના આરોપમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે, જે તેનો ગુનાહિત ઇતિહાસ અથવા ગુનાહિત ભૂતકાળ દર્શાવે છે. પુરાવાઓની સમીક્ષા કર્યા પછી કોર્ટે કહ્યું કે કુલદીપ સેંગરના વકીલોએ ફરિયાદ પક્ષ તરફથી ઘણી ભૂલો તરફ ધ્યાન દોર્યું હતું, પરંતુ આ કેસમાં તેને પહેલી નજરે કોઈ ભૂલ મળી નથી કે જેના કારણે સજા સ્થગિત કરવાની જરૂર પડે. એ પણ નોંધનીય છે કે જામીન આપવા એ કોર્ટનો વિવેકાધીન અધિકાર છે, એટલે કે ન્યાયાધીશો તેમની વિવેકબુદ્ધિથી આ બાબતો પર નિર્ણય લઈ શકે છે.

કુલદીપ સેંગરે ૧૭ વર્ષની છોકરી પર બળાત્કાર કરવાના ગુનામાં દોષિત ઠેરવવાના ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો. ટ્રાયલ કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી અને ૨૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. કુલદીપ સેંગરની સજા સસ્પેન્ડ થયાના કલાકો પછી પીડિતા, તેની માતા અને મહિલા અધિકાર કાર્યકર્તા યોગિતા ભયાનાએ ઇન્ડિયા ગેટ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઇન્ડિયા ગેટ સંકુલમાં બેઠેલી પીડિતાએ આરોપ લગાવ્યો કે સેંગરને ૨૦૨૭ની ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને જામીન આપવામાં આવ્યા છે. તેણે કહ્યું કે તે આ ચુકાદાથી ખૂબ જ આઘાત પામી છે. પીડિતાએ કહ્યું કે તેની સાથે અન્યાય થયો છે. આ નિર્ણયથી મને ખૂબ દુઃખ થયું છે. જો આરોપીને મુક્ત કરવો હોય તો મને સુરક્ષિત રાખવા માટે મને જેલમાં મોકલવી જોઈએ. હું જેલમાં સુરક્ષિત રહીશ. ચૂંટણી નજીક આવતાં કુલદીપ સેંગરને જામીન આપવામાં આવ્યા હતા, જેથી તેમની પત્ની ચૂંટણી લડી શકે. પીડિતાએ જામીન રદ કરવાની પણ માંગણી કરી હતી અને કહ્યું હતું કે સેંગરની મુક્તિ પછી તે આ મામલે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરશે.

દરમિયાન, પીડિતાની માતાએ બુધવારે પત્રકારો સાથે વાત કરતા દાવો કર્યો હતો કે વિરોધ પ્રદર્શન દરમિયાન તેમની પુત્રીને બંધક બનાવી લેવામાં આવી હતી અને તે ન્યાય ઇચ્છે છે. તેમણે કહ્યું કે CRPFનું વાહન મારી પુત્રીને કેદમાં લઈ ગયું છે અને કોર્ટને મારી એકમાત્ર વિનંતી છે કે કુલદીપ સેંગરના જામીન રદ કરવામાં આવે. અમે સુરક્ષિત નથી. મારાં બાળકો હજુ પણ હડતાળ પર બેઠા છે. મને ન્યાય જોઈએ છે. દરમિયાન, સામાજિક કાર્યકર્તા યોગિત ભયાનાએ જણાવ્યું હતું કે સુરક્ષા દળો પીડિતાને બસમાં એકલી મૂકી રહ્યા છે, તેની માતાને રસ્તા પર છોડી રહ્યા છે. તેમના જીવ જોખમમાં છે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ભાજપના પૂર્વ નેતા કુલદીપ સિંહ સેંગરની સજા સ્થગિત કરવાના નિર્ણયને નિરાશાજનક અને શરમજનક ગણાવ્યો છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**કુલદીપ સેંગરે ૧૭ વર્ષની છોકરી પર બળાત્કાર કરવાના ગુનામાં દોષિત ઠેરવવાના ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો. ટ્રાયલ કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી**

## BUSINESS મિત્ર

# નવા વર્ષમાં લાર્જકેપ આઇટી શેરો ભારતીય શેરબજારનું નેતૃત્વ કરશે

**સ્થાનિક** માગ અને ધિરાણ વૃદ્ધિના લીધે ફાઇનાન્સીયલ અને કન્ઝ્યુમર સેક્ટર પણ આગેવાની લેશે

મુંબઈ, તા. 27: ફાઈનાન્સીયલ અને કન્ઝ્યુમર સેક્ટર 2026માં ભારતીય શેરબજારનું નેતૃત્વ કરશે. આ સેક્ટરો વધુ સારી સ્થાનિક માંગ, ધિરાણ વૃદ્ધિના સામાન્યકરણ અને વપરાશના વલણોમાં સંભવિત પુનઃપ્રાપ્તિથી લાભ મેળવવા માટે સારી સ્થિતિમાં છે. 2026માં લાર્જકેપ આઈટી શેરોનું મૂલ્ય ફરીથી વધવાની ધારણા છે. તેમને માંગને મજબૂત બનાવવાથી અને વૈશ્વિક મેક્રો પરિસ્થિતિઓમાં સુધારો થવાથી ફાયદો થશે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર 2026માં રોકાણ કરવા માટે લાર્જકેપ શેરો પસંદ છે. તેમનું કહેવું છે કે લાર્જકેપ શેરોનું મૂલ્યાંકન અત્યારે મિડ-કેપ અને સ્મોલકેપ શેરો કરતા ઘણું સારું છે. સંપૂર્ણ દ્રષ્ટિએ પણ, લાર્જકેપ વેલ્યુએશન તેમની લાંબા ગાળાની સરેરાશ કરતાં વાજબી રીતે વધુ વાજબી લાગે છે. આ ઉપરાંત વૈશ્વિક અનિશ્ચિતતાના આ યુગમાં લાર્જ કેપ કંપનીઓની કમાણી સુધારવાની શક્યતા અને મજબૂત બેલેન્સશીટ તેમને વધુ સારી શરત બનાવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વેલ્યુએશનમાં ફેરફારને જોતાં, લાર્જકેપ કંપનીઓ માર્કેટ લીડરશીપમાં કોઈપણ સરેરાશ રિવર્ઝનથી લાભ મેળવવા માટે વધુ સારી સ્થિતિમાં હોવાનું જણાય છે.

લાર્જકેપ આઈટી કંપનીઓ સ્પર્ધાત્મક મેનેજમેન્ટ ટીમો દ્વારા ચલાવવામાં આવતી ઉચ્ચ ગુણવત્તાવાળી કંપનીઓ છે. તેઓ વિવિધ બજાર ચક્રમાં લાંબા ગાળાના પ્રદર્શનનો ઉત્તમ ટ્રેક રેકોર્ડ ધરાવે છે. લાંબા ગાળાથી નબળા પ્રદર્શન છતાં, આ કંપનીઓ મજબૂત એક્ઝેક્યુશન ક્ષમતા, ક્લાયન્ટ વૈવિધ્યકરણ અને બેલેન્સશીટની તાકાત બતાવી રહી છે. તેમના જણાવ્યા મુજબ, 2026 માં લાર્જકેપ આઈટી શેરોનું મૂલ્ય ફરીથી વધવાની ધારણા છે. તેમને માંગમાં મજબૂતી અને સુધારેલી વૈશ્વિક મેક્રો પરિસ્થિતિઓથી ફાયદો થશે. જોકે રૂપિયાના ઘટાડાથી સમગ્ર ક્ષેત્રને ફાયદો થઈ શકે છે, પરંતુ સ્કેલ, સુસંગતતા અને ચક્રને અસરકારક રીતે હેન્ડલ કરવાની ક્ષમતાને કારણે લાર્જકેપ આઈટી વધુ આશાસ્પદ દેખાઈ રહી છે.

ભારતીય બજારોમાં 2025માં સમય-સુધારણા અને યુએસડી સામે આઈએનઆર આકર્ષક ભાવે હોવાથી, એવું લાગે છે કે 2026માં સરેરાશ રિવર્ઝન જોવા મળશે. જો 2026ના પ્રથમ બે ક્વાર્ટરમાં સ્થાનિક વપરાશમાં વધારો થવાના સંકેતો મળે છે, તો તેની કમાણીમાં સારી વૃદ્ધિ જોવા મળશે. આવી સ્થિતિમાં જો વૈશ્વિક અસ્થિરતા જળવાઈ રહે તો પણ ભારતીય બજારો એફઆઈઆઈ પાસેથી વધુ રોકાણને આકર્ષે તેવી શક્યતા છે. આ વર્ષના કેટલાક ભાગો માટે બજારને મર્યાદિત રેન્જમાં રાખી શકે છે, જ્યારે આખું વર્ષ સારૂ વળતર આપે છે.

# વર્ષ 2026માં એફડીઆઇ મેગા કરારો કરવાની સાથે ભારતમાં મોટા રોકાણો કરશે

**ઇઝ** ઓફ ડુઇંગ બિઝનેસમાં સુધારો અને નવા રોકાણ કરારો આગામી વર્ષમાં ભારતને વૈશ્વિક રોકાણકારો માટે વધુ આકર્ષક બનાવશે

નવી દિલ્હી, તા. 27: નવું વર્ષ 2026 ભારતમાં એફડીઆઈ માટે મજબૂત વર્ષ સાબિત થઈ શકે છે. મજબૂત મેક્રો-ઈકોનોમિક ફંડામેન્ટલ્સ, અબજો ડોલરના મોટા રોકાણની જાહેરાતો, ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં સુધારો અને નવા રોકાણ કરારો આગામી વર્ષમાં ભારતને વૈશ્વિક રોકાણકારો માટે વધુ આકર્ષક બનાવે તેવી શક્યતા છે.

રોકાણકારો માટે ભારતને આકર્ષક અને ભરોસાપાત્ર સ્થળ બનાવવા માટે સરકાર સતત એફડીઆઇ નીતિની સમીક્ષા કરે છે. ડીપીઆઈઆઈટીએ આ વર્ષે એફડીઆઈ વધારવા અંગે તમામ હિતધારકો સાથે અનેક રાઉન્ડની બેઠકો યોજી છે. નવેમ્બરમાં વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે પણ રોકાણ પ્રક્રિયાઓને ઝડપી, સરળ અને વધુ અસરકારક બનાવવા માટે ઉદ્યોગ સાથે ચર્ચા કરી હતી.

નાણાકીય વર્ષ 2024-25માં ભારતમાં કુલ એફડીઆઈ 80.5 બિલિયન ડોલરને વટાવી ગયું છે. તે જ સમયે, જાન્યુઆરીથી ઓક્ટોબર 2025 દરમિયાન, કુલ વિદેશી રોકાણ 60 બિલિયન ડોલરથી વધુ હતું. ડીપીઆઈઆઈટીના સચિવ અમરદીપ સિંહ ભાટિયાએ જણાવ્યું હતું કે છેલ્લા 11 વર્ષમાં સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંને કારણે ભારતે ઐતિહાસિક રોકાણને આકર્ષ્યું છે. તેમના જણાવ્યા અનુસાર, 2024-25માં એફડીઆઈ 80.62 અબજ ડોલરની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગયું છે અને અમે અપેક્ષા રાખીએ છીએ કે 2026માં આ આંકડો વધુ વટાવી જશે.

યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન સાથેના મુક્ત વેપાર કરારથી પણ ભારતને ઘણી આશાઓ છે. ચાર દેશોના EFTA સાથેના આ કરાર હેઠળ ભારતે આગામી 15 વર્ષમાં 100 બિલિયન ડોલરના એફડીઆઈનું વચન આપ્યું છે. આ કરાર 1 ઓક્ટોબર, 2025 થી અમલમાં આવ્યો હતો, અને તે જ દિવસે, સ્વિસ હેલ્થકેર કંપની રોચે ફાર્માએ આગામી પાંચ વર્ષમાં ભારતમાં 1.5 અબજ સ્વિસ ફ્રાન્કના રોકાણની જાહેરાત કરી હતી.

આ ઉપરાંત, ઈએફટીએમાં સ્વિટ્ઝર્લૅન્ડ, નોર્વે, આઈસલેન્ડ અને લિક્ટેન્સ્ટાઈનનો સમાવેશ થાય છે. એ જ રીતે, ન્યુઝીલેન્ડ સાથેના વેપાર કરાર હેઠળ 20 બિલિયન ડોલરની રોકાણની પ્રતિબદ્ધતા પણ કરવામાં આવી છે, જે 2026માં લાગુ થવાની છે.

સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા UNCTADના વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ 2025 અનુસાર, 2024માં વૈશ્વિક એફડીઆઈ 11 ટકા ઘટીને 1.5 ટ્રિલિયન ડૉલર થયું છે, પરંતુ ભારત અને એશિયાના ઘણા ભાગોમાં રોકાણની પ્રવૃત્તિ મજબૂત રહી છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૨૯૪૦ |
| તેજાબી સોનું | ૧૪૨૮૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૫૭૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૦૦૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૨૯૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૪૪૬૦ |
| ચાંદી સિક્કા | ૨૪૫૯૬૦ |

# એક્ષપોર્ટ ઓરીએન્ટેડ યુનિટ-EOUને વેરા શાખનું રિફન્ડ કલમ 54 હેઠળ મળવાપાત્ર છે નામદાર ગુજરાત હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

GST કાયદા હેઠળ એક્ષપોર્ટ ઓરીએન્ટેડ યુનિટ EOUને જ્યારે માલની નિકાસ કરે ત્યારે સપ્લાયરને આપેલ ટેક્ષની વેરા શાખની જમા રકમનું રિફન્ડ EOUને કલમ 54 હેઠળ મળવાપાત્ર થાય છે. પરંતુ સેન્ટ્રલ બોર્ડના તા. 6.7.22ના પરિપત્રનું ખોટું અર્થઘટન કરીને અરજદારની રિફન્ડની અરજી નકારી કાઢતા તથા અગાઉ માન્ય રાખેલ રિફન્ડની અરજીથી ચૂકવેલ રકમની વસૂલાત કરવા માટે ઓર્ડર પસાર કરવામાં આવતા નામદાર ગુજરાત હાઈકોર્ટે અરજદારનો રિફન્ડનો દાવો માન્ય રાખ્યો અને અગાઉ ચૂકવેલ રિફન્ડની વસૂલાતનો ઓર્ડર ગેરકાયદેસર ઠેરવી દૂર કર્યો. ખેર! નામદાર ગુજરાત હાઈકોર્ટના શાહ પેપર પ્લાન્ટ ઈન્ડ. લી. વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના સ્પે. સી.એપ્લી. નં. 8892/2023ના તા. 13.11.25ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હકીકત...**

અરજદાર ટિસ્યૂ પેપર વિ.ના ઉત્પાદન અને એક્ષપોર્ટના ધંધામાં રોકાયેલ છે અને EOU એકમ છે. અરજદારે રજીસ્ટર્ડ સપ્લાયર પાસે કાચા માલની ખરીદી વેરો ભરીને કરેલ અને ઉત્પાદિત માલનું એક્ષપોર્ટ કરેલ. અરજદારે એપ્રિલ 2022ના મહિનાના રિફન્ડ માટે તા. 11.6.22ના રોજ રિફન્ડની કલમ 4/23 હેઠળ અરજી કરી. અરજદારે ટેક્ષ ભર્યા સિવાય માલનું એક્ષપોર્ટ કરેલ છે અને તેથી તેમણે ઈમ્પૂટ ટેક્ષ ક્રેડિટનું રિફન્ડ મળવાપાત્ર છે અને અરજદારનું તા. 2.7.22ના રોજ પ્રોવિઝનલ રિફન્ડ માન્ય રાખવામાં આવ્યું પરંતુ...

સેન્ટ્રલ બોર્ડના તા. 6.7.23ના સરક્યુલરના પેરા 2.2થી ઠરાવવામાં આવ્યું કે ડિમન્ડ એક્ષપોર્ટના કિસ્સામાં ઈમ્પૂટ ટેક્ષ ક્રેડિટનું રિફન્ડ મળવાપાત્ર નથી અને ખાતાએ તે સરક્યુલર હેઠળ એપ્રિલ 2022ના મહિના માટે આપવામાં આવેલ રિફન્ડ પરત લેવા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવતા અરજદાર દ્વારા સરક્યુલરને તથા નોટિસને ચેલેન્જ કરતી ના. હાઈકોર્ટ સમક્ષ રીટ પીટીશન ફાઈલ કરવામાં તો દરમ્યાનમાં ખાતાએ તા. 18.8.22નો રિફન્ડ પરત ખેંચતા ઓર્ડર પસાર કર્યો. તો એપેલેટ ઓફિસરે, ખાતાની અપીલ મંજૂર કરી, ડિસેમ્બર 2021થી માર્ચ 2022ના સમયનું રિફન્ડ તા. 6.9.23ના ઓર્ડરથી પરત ખેંચવા ફરમાવ્યું, જે ઓર્ડર રદ કરવા પણ દાદ માંગવામાં આવી.

**ચૂકાદો...**

નામદાર ગુજરાત હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે અરજદારે ડિમ્ડ એક્ષપોર્ટ સપ્લાય તરીકે ઈમ્પૂટ ટેક્ષ ક્રેડિટનું કોઈ રિફન્ડ માંગ્યું નથી. તો ખાતું એ વાત ભૂલી ગયું છે કે અરજદાર તૈયાર માલના ટેક્ષ ભર્યા સિવાયના, એક્ષપોર્ટર છે અને અરજદારે EOU તરીકે રિફન્ડની અરજી કરી છે. અને તેથી અરજદારને તા. 6.7.22ના સરક્યુલરના પેરા 2.2 લાગુ પડતો નથી. જો તેઓએ ડિમ્ડ એક્ષપોર્ટર તરીકે રિફન્ડ માંગ્યું હોય તો જ પેરા 2.2 લાગુ પડે. પરંતુ...

આ કેસની હકીકતો મુજબ અરજદારે ખુદ જ એક્ષપોર્ટ કર્યું છે અને રિફન્ડની માંગણી કરી છે, એમ જણાવી એપેલેટ ઓફિસરે, ડિસેમ્બર 2021થી માર્ચ 2022ના સમયનું ચૂકવવામાં આવેલ રિફન્ડ પરત ખેંચતો ઓર્ડર ગેરકાયદેસર ઠેરવી દૂર કર્યો અને ખાતાને એપ્રિલ 2022નું રિફન્ડ આ ચૂકાદાની નકલ મળે 12 અઠવાડિયામાં ચૂકવવા ફરમાવ્યું.

# નાણાકીય વર્ષ 2026માં ભારતનો જીડીપી વિકાસ 7.4 ટકા રહેવાની સંભાવના: ઇકરાનો અહેવાલ

**આરબીઆઇ** ફેબ્રુઆરી 2026માં દરો સ્થિર રાખશે: ભવિષ્યના નિર્ણયો બજેટ, ફુગાવા અને વૃદ્ધિ પર નિર્ભર કરશે

નવી દિલ્હી, તા. 27: નાણાકીય વર્ષ 2026માં ભારતનો જીડીપી વૃદ્ધિ દર 7.4 ટકા રહેવાનો અંદાજ છે. આ વીજળીની માંગમાં વધારો અને ખાણકામ અને બાંધકામ પ્રવૃત્તિઓમાં વધારાને કારણે છે.

ઈકરાના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ 2026ના બીજા અર્ધવાર્ષિક ગાળામાં વૃદ્ધિ દર 7 ટકાથી ઓછો રહેવાની ધારણા છે. આ પ્રતિકૂળ આધાર અસર અને નિકાસમાં ઘટાડાને કારણે છે. નાણાકીય વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં વૃદ્ધિ દર 8 ટકાથી વધુ હતો.

રિપોર્ટમાં અપેક્ષા રાખવામાં આવી છે કે આરબીઆઈ ફેબ્રુઆરી 2026ની નીતિ સમીક્ષામાં વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કરશે નહીં અને નાણાકીય વર્ષ 2027ના કેન્દ્રીય બજેટ અને બદલાતા ફુગાવા અને વૃદ્ધિ દરની ગતિશીલતાના આધારે ભાવિ નિર્ણયો લેવામાં આવશે.